## આજથી પવિત્ર શ્રાવણ માસનો મંગલમય પ્રારંભ

### નગરના શિવાલયો 'ઓમ નમઃ શિવાય'ના જાપથી ગુંજી ઉઠશે : વ્રતો-તહેવારોની હારમાળા ધરાવતા આ માસમાં ભગવાન શિવની આરાધના શ્રેષ્ઠ ગણાય છે

ગાંધીનગર, તા. ૨૬

હિન્દુઓની શ્રદ્ધા-ભક્તિ અને વ્રતોના માસ એવા પવિત્ર શ્રાવણ માસનો રવિવારથી પ્રારંભ થઈ રહ્યો છે. આ શ્રાવણ માસ ભગવાન ભોળાનાથ શિવજીની ઉપાસના માટે શ્રેષ્ઠ ગણાય છે. આ માસમાં શિવાલયો પર ભક્તોની ભીડ ઉમટી પડે છે અને દૂધ અને પાણીના અભિષેક તેમજ બિલીપત્રો દ્વારા મહાદેવજીની કૃપા પ્રાપ્ત કરવા શ્રદ્ધાળુઓ પૂજા-અર્ચના કરવામાં લાગી જાય છે. નગર સહિત જિલ્લાના અનેક શિવાલયોમાં મહામૃત્યુંજય જાપના મંત્રો કર્ણપ્રિય ઘંટારવના નાદે ગુંજી ઉઠે છે અને ઠેર-ઠેર શિવમહાપુરાણ કથાનું પણ આયોજન કરવામાં આવે છે.

શ્રાવણ માસમાં સૂર્ય કર્ક રાશીમાં પ્રવેશ કરે છે અને એવું કહેવાય છે કે શિવજીને પણ શ્રાવણ મહીનો ખૂબ પ્રિય છે. આ કારણથી જ શ્રાવણ માસમાં ભગવાન સદાશિવની આરાધના શ્રેષ્ઠ ગણાય છે અને આ માસમાં માટીનું શિવલીંગ બનાવી તેની પૂજા કરવાથી વિશેષ ફળ મળે છે. ભગવાન શિવ વૈદિક દેવતા છે અને તેમને વેદોમાં યજુર્વેદ સૌથી વધુ પ્રિય છે એટલે જો શ્રદ્ધાળુ યજુર્વેદીય રુદ્રાષ્ટાધ્યાયથી ભગવાન શંકરનું પૂજન-અભિષેક કરવામાં આવે તો તેનાથી મહાદેવજી પ્રસન્ન થાય છે. વળી, શિવજીને શ્રાવણ માસના સોમવાર અતિપ્રિય છે. આથી સોમવારનું વ્રત પણ ખૂબ જ ફળદાયી ગણાય છે. આ માસ દરમ્યાન શિવલીંગ પર દૂધ કે પાણીનો અભિષેક કરી ૧૦૮ વખત મહામૃત્યુંજય મંત્ર અથવા માત્ર 'ઓમ નમઃ શિવાય'નો જાપ કરવામાં આવે તો પણ ભોળાનાથની કૃપા વરસી શકે છે.



શ્રાવણ માસ એ વ્રતો-તહેવારોનો માસ છે, આ માસમાં બોળચોથ, નાગપંચમી, રાંધણ છઠ્ઠ, શીતળા સાતમ, ગોકુળ અષ્ટમી જેવા સળંગ તહેવારો ઉપરાંત દશામાનું વ્રત અને ગણેશ ઉત્સવ પણ ઉજવાય છે. દશામાનુ વ્રત હવે ભક્તિ અને શ્રદ્ધાનુ વ્રત બની ચુક્યુ છે. જ્યારે ગણેશ ચતુર્થીથી શરૂ થતો ગણપતિ ઉત્સવ સમગ્ર દેશમાં ખુબ જ લોકપ્રિય બનતો જાય છે. અને ઠેર ઠેર નગરે નગરે, ગલીએ, પોળે, નાકે, સોસાયટીએ ગણેશજીની સ્થાપના કરી આ ઉત્સવને ભારે ઉમંગથી ઉજવવામાં આવે છે. નાગપાંચમ-રાંધણછઠ્ઠ અને શીતળા સાતમ જેવા તહેવારો પણ તેના આગવા મહત્વ ધરાવે છે. પરંતુ ગોકુલના લાડલા, નંદ-યશોદાના દુલારા અને સમગ્ર વિશ્વમાં સૌકોઈને પોતાની મનમોહક વાંસળીના મધમીઠા સૂરે મોહિત કરનારા યોગેશ્વર ભગવાન શ્રીકૃષ્ણનો જન્મોત્સવ આ દેશનો રાષ્ટ્રિય ઉત્સવ ગણાય છે. શ્રીકૃષ્ણ જન્મોત્સવ અને ત્યાર બાદ નોમ ના પારણા દેશના દરેક મંદિરમાં યોજાય છે એટલુ જ નહિ પરંતુ ભક્તોના હૃદયમાં ઉર્મિઓનું ઘોડાપુર પણ તાણી લાવે છે અને સમગ્ર માહોલ 'નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલ કી'થી ગુંજી ઉઠે છે.

આ સમગ્ર માસ દરમ્યાન શ્રદ્ધાળુઓ ઉપવાસ રાખે છે અને ઉપવાસમાં ફળાહાર કરાય છે. જેમાં




ફળોમાં કેળા, સફરજન અને દાડમ જેવા ફળો ઉપરાંત સૂકો મેવો તેમજ બટાકા-સાબુદાણાની અનેક વાનગીઓ ગુજરાતીઓમાં હોટ ફેવરીટ છે. આ ઉપરાંત એકાદશી અને જન્માષ્ટીના દિવસે આખા ઉપવાસમાં રાજગરો અને મોરૈયાનો ઉપયોગ પણ કરવામાં આવે છે. આ માસ દરમ્યાન કરેલા ઉપવાસનું ફળ ઉત્તમ મળે છે તેવું માનવામાં આવે છે.


આ વર્ષે ગાંધીનગર જિલ્લામાં આવેલા પૌરાણિક શિવાલયો જેવા કે વાસણિયા મહાદેવ, ધોળેશ્વર મહાદેવ, પંચવટીના પંચદેવ મહાદેવ, જામળાના આસુદેવ મહાદેવ ઉપરાંત સે. ૨૨ના પંચદેવ મંદિર, સે. ૨૧માં વૈજનાથ મહાદેવ તેમજ સે. ૧૬માં સોમનાથ મહાદેવ સહિત અનેક શિવમંદિરોમાં શ્રાવણ માસ નિમિત્તે વિશેષ આયોજનો કરવામાં આવ્યા છે. આ ઉપરાંત વાવોલના સિદ્ધનાથ મહાદેવ ખાતે શિવ મહાપુરાણ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. શિવજીને બિલિપત્ર ચઢાવવાનું વિશેષ મહત્વ હોવાથી આ માસમાં બિલિપત્રોની માંગમાં ખૂબ વધારો થઈ જાય છે. કેટલાક લોકો દ્વારા આ સમયે બિલીપત્રોનું વિતરણ પણ હાથ ધરવામાં આવે છે. શ્રાવણ માસમાં શિવજીને દૂધના અભિષેક પાછળ પણ એક એવી માન્યતા છે કે ચોમાસાના કારણે લીલો ઘાસચારો ખાતા ગાય-ભેંસો અનેક જીવાતો અને ઈયળો પણ ભૂલથી ખાઈ જાય છે. આથી તેનું દૂધ ઝેર સમાન થઈ જાય છે. અને આ દૂધથી રોગચાળો ના ફેલાય તે માટે આ દૂધ શિવજીને અર્પણ કરાય છે. કારણ કે ઝેર તો શિવજી જ પચાવી જાણે ને?

શ્રાવણ માસના પ્રારંભથી જ તમામ શિવાલયોમાં 'ઓમ નમઃ શિવાય'નો નાદ ગુંજી ઉઠશે અને ભક્તોની ભીડ ઉમટી પડશે. ગાંધીનગર સમાચાર આ પવિત્ર શ્રાવણ માસના પ્રારંભે તેના વાચકોને અનેક શુભેચ્છાઓ પાઠવે છે.

## વડીલોને વંદન અભિનંદન



હરિભાઈ એન. ચૌહાણ
(૧૯૩૮)ફોનઃ ૨૩૨૩૪૩૯૭



અશોક જે. શાહ
(૧૯૪૦)ફોનઃ ૨૩૨૩૭૩૩૩

## આજે સેક્ટર-૧૬ સોમનાથ મહાદેવ મંદિરે પાર્થેશ્વર મહાદેવની પૂજા યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે વિવિધ કાર્યક્રમ યોજશે. સેક્ટર-૧૬માં આવેલ શ્રી સોમનાથ મહાદેવ મંદિરે આજે પાર્થેશ્વર મહાદેવ બનાવવામાં આવશે.

સેક્ટર-૧૬માં આવેલ શ્રી સોમનાથ મહાદેવ મંદિર ખાતે પવિત્ર શ્રાવણ માસ દરમિયાન અલગ - અલગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે આજે પ્રથમ દિવસે મંદિર ખાતે સવારે ૭ થી ૯ દરમિયાન પાર્થેશ્વર મહાદેવનું નિર્માણ કરવામાં આવશે. ત્યારબાદ દિવસ દરમિયાન પૂજન અર્ચન કરવામાં આવશે અને સાંજે ૬ વાગે મહાદેવજીનું વિસર્જન કરવામાં આવશે.

શ્રાવણ માસના દર સોમવારે સાંજે ૭ વાગે મહાઆરતી અને અમાસના દિવસે હોમાત્મક લઘુરુદ્ર કરવામાં આવશે. ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છુ ભાવિ-ભક્તોએ સમિતિના સભ્ય ગાયત્રી પ્રસાદ રાવલનો સંપર્ક કરવા મંદિર સમિતિએ જણાવ્યું છે.

## જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય જિલ્લાકક્ષાએ વિજય

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયના પ્રાંગણમાં તાલુકાકક્ષાની ૧૭-૧૯ ઉંમરની બહેનોની કબડ્ડી-ખોખો અને વોલીબોલની રમત સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં ૮૪ બાળકોએ ભાગ લીધો હતો. જેમાં શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની ૬ ટીમોએ પ્રથમ સ્થાને વિજેતા બની શાળાનું ગૌરવ વધાર્યું હતું. આ ટીમો જિલ્લાકક્ષાએ ભાગ લેવા જશે.

## વિશ્વ વસતી દિન નિમિત્તે કલોલમાં આશાવર્કર બહેનો દ્વારા રેલી કાઢવામાં આવી

### રેલી બાદ આશા વર્કર બહેનોનો વર્કશોપ યોજાયો જેમાં કુટુંબ કલ્યાણની પધ્ધિઓ, માતા-બાળ આરોગ્ય અને અઈડસ વિશે જાણકારી આપવામાં આવી

કલોલ, તા.૨૬

કલોલમાં વસતી દિવસ અંતર્ગત તા. ૧૯મી જુલાઈએ તાલુકાની તમામ આશાવર્કર બહેનો, અર્બન સી.બી.એચ.વી. બહેનો તથા તાલુકાના કર્મચારીઓ દ્વારા એક ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં કુલ ૨૫૦ આશા વર્કર બહેનોએ ભાગ લીધો હતો. આ રેલીને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. ડી.સી. જાગાણી, કલોલ નગરપાલિકાના પ્રમુખ મહેન્દ્ર બાવરીયા તેમજ તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. હર્ષદ પ્રજાપતિ દ્વારા લીલી ઝંડી બતાવવામાં આવી હતી.

આ રેલી કલોલ તાલુકા આરોગ્ય કચેરીથી નીકળીને શહેરના વિવિધ માર્ગો પર ફરી હતી અને લોકજાગૃતિનો સંદેશ ફેલાવ્યો હતો આ રેલીમાં નિયોજિત પરિવાર-ખુશીઓ અપાર, નાનુ કુટુંબ-સુખી કુટુંબ, ખુશાલીનો આધાર-નાનો પરિવાર વગેરે અંગે જાગૃતિ લાવવા પ્રયાસ હાથ ધરાયા હતા. રેલી બાદ તાલુકા પંચાયત કચેરીના હોલમાં આશાવર્કર બહેનોનો વર્કશોપ યોજવામાં આવ્યો હતો. આ વર્કશોપમાં તાલુકા આરોગ્ય અધિકારી દ્વારા કુટુંબ કલ્યાણની જુદી જુદી પધ્ધતિઓ યોગ્ય વયે લગ્ન, માતા અને બાળ આરોગ્ય તેમજ એચઆઈવી એઈડસ વિશે ઉપરાંત નાના કુટુંબના ફાયદા, જરૂરતમંદ લાભાર્થી સાથે પરિવાર નિયોજન અંગે પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં આશા વર્કર મંજુલાબેન વી. પરમારનું સન્માન કરવામાં આવ્યું હતું.

## અમદાવાદની વિજ્ઞાન પ્રવાહની કોલેજોમાં સેલ્ફ ફાઈનાન્સ વર્ગો શરૂ થતા એન.એસ.યુ.આઈ.એ બંધનું એલાન અપાયું


ગાંધીનગર, તા. ૨૬

એક તરફ મુખ્યમંત્રી મફતમાં શિક્ષણ આપવાની વાત કરે છે. સેલ્ફ ફાઈનાન્સ વર્ગોની કમાવવા માટેની હાટડીઓની પરવાનગી આપી વિદ્યાર્થીઓને લુંટી લેવામાં આવે છે. તો એન.એસ.યુ.આઈ. દ્વારા આક્ષેપ કરવામાં આવ્યોછે. જેના પગલે અમદાવાદમાં કોલેજ બંધનું એલાન કરવામાં આવ્યું છે.

રાજ્ય સરકાર દ્વારા અમદાવાદની કોલેજોમાં સેલ્ફ ફાઈનાન્સના વર્ગો શરૂ કરવામાં આવ્યા છે. તેના વિરોધમાં એન.એસ.યુ.આઈ. દ્વારા ગઈકાલે ૨૫ જુલાઈના રોજ વિજ્ઞાન પ્રવાહની કોલેજોમાં બંધનું એલાન આપવામાં આવ્યું હતું.

બંધના એલાનથી સરકારની આખો ખુલી ન હોવાથી આજે પણ વિદ્યાર્થીઓના હિત માટે બંધ પાળવામાં આવ્યો હતો. જેમાં શહેરની સાત કોલેજો બંધ રાખવામાં આવી હતી. એન.એસ.યુ.આઈ.એ અગાઉ પણ આ બાબતે ઉગ્ર આંદોલનો કર્યા છે ત્યારે જો સરકાર દ્વારા વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય નહિ લેવામાં આવે તો જલદ કાર્યક્રમો આપી સરકારમાં ઘા નાખવામાં આવશે. એન.એસ.યુ.આઈ.ના સેનેટ સભ્ય યોગેશ કલસરિયા, પ્રવિણ વણોલ, રામી પ્રવિણ, ચેતન દેસાઈ અને પૃથ્વીરાજ સોલંકીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં મફત શિક્ષણના ઢોલ વગાડનારી સરકારે વિદ્યાર્થીઓના ખિસ્સા ખાલી કરવાના નિર્ણયો ન લેવા જોઈએ.

## શબ્દાવલી - ૫૪૫૯



### આડી ચાવી

૧. શાકભાજી વેચવાવાળો(૩)
૩. તાલુકો, જિલ્લાથી નાનો વિભાગ (૪)
૪. સ્વર્ગ, હેવન (૩)
૫. જીંદગી (૩)
૬. દોજખ, હેલ (૩)
૯. વેરણછેરણ (૫)
૧૧. ખુબ સુંદર, અદ્ભુત (૫)
૧૨. તેજ, ગરમ, ક્રોધિત (૨)
૧૩. સ્વ, ખુદ માટે, ... માટે(૨)
૧૪. ઊંડુ ના હોય તેવું (૩)
૧૬. પૈસા ધિરવા તે (૩)
૧૭. 'જવનિકા' શબ્દ આડોઅવળો (૪)

### ઊભી ચાવી

૧. એક કડવું ઔષધ (૪)
૨. જોજન, લંબાઇનું માપ(૩)
૩. લાજ (૨)
૬. નવું હોય તેવું (૩)
૭. ભુલે ચુકે (૨)
૮. કર ભરનાર (૪)
૯. તુરીયા-દુધીના... હોય (૨)
૧૦. રતાશ પડતું, ... મડુ (૨)
૧૧. આગળનું, ટોચનું (૨)
૧૨. સમુદ્ર (૩)
૧૩. પોતાના, સ્વજન (૩)
૧૪. ખમણીથી ખમણેલું ખમણ (૨)
૧૫. રૂઝાવું તે, ... આવવી (૨)

### શબ્દાવલી ૫૪૫૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) આગોતરા (૪) ગલકા (૭) ગજબ (૮) બાટ (૯) ગારૂડી (૧૦) લાડલુ (૧૧) મુકાબલો (૧૪) વકરેલું (૧૫) વાન (૧૮) લીન (૧૯) ગજ (૨૦) શ્વાન (૨૧) પાદર (૨૨) અગવડતા

**ઊભી ચાવી :-** (૧) આગગાડી (૨) તગડીચૂક (૩) રાજ (૫) લબાડ (૬) કાટલુ (૧૦) લાલો (૧૨) કારેલીબાગ (૧૩) બલુન (૧૫) વાગદતા (૧૬) નજર (૧૭) વિશ્વાસ (૨૧) પાડ

## પાલનપુરમાં ગંદકીને લીધે નાગરિકો ખાટલે પડ્યા : તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં

પાલનપુર, તા. ૨૬

ચોમાસાની શરૂઆત થઈ ગઈ છે ત્યારે વરસાદી પાણીના લીધે ગંદકીથી પાલનપુરના શહેરીજનો બિમારીના ભરડામાં સપડાયા છે. પાલિકા તંત્ર ઘોર નિંદ્રામાં પોઢી રહ્યુંછે. તેવો શહેરીજનોએ આક્ષેપ કર્યો છે.

પાલનપુર શહેરમાં ચોમાસાના કારણે ઠેક ઠેકાણે ગંદકીના ઢગ જોવા મળી રહ્યા છે. જેમાં જાહેર વિસ્તારોના આંતરિક માર્ગો ઉપર તો માથુ ફાડી નાખે તેવી દુર્ગંધ ફેલાય છે. જેના કારણે રોજીંદુ અવરજવર કરતા નાગરિકો બિમારીમાં ખાટલે પડ્યા છે.

પાલિકા તંત્ર દ્વારા શહેરમાં આવેલી ખુલ્લી ગટરો અને જાહેર માર્ગ પર આવેલ શૈચાલયો પાસે સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

## પ્રાંતિજના વૃધ્ધાશ્રમમાં રહેતા વૃધ્ધાએ દેહદાન અને ચક્ષુદાન કર્યુ

### વૃધ્ધાશ્રમના સંચાલકોએ ૭૫ વર્ષીય વૃધ્ધાનું અવસાન થતાં તેમની અંતિમ ઈચ્છા પ્રમાણે ચક્ષુદાન-દેહદાન કરાવ્યું

પ્રાંતિજ, તા.૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે નેશનલ હાઈવે નં.૮ પર આવેલ



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

તીથાગન વિસામો વૃધ્ધાશ્રમમાં રહેતા ૭૫ વર્ષીય વૃધ્ધાનું અવસાન થતા તેમણે ચક્ષુદાન તેમજ દેહદાન કર્યુ હતું. તેમણે તેમના મૃત્યુ પહેલા દેહદાન અને ચક્ષુદાન માટે સંમતિ આપી મૃત્યુ બાદ પણ કોઈકને ઉપયોગી થવાનો સમાજમાં ઉત્તમ સંદેશ પ્રસરાવ્યો છે.

તીથાગન વિસામો વૃધ્ધાશ્રમમાં મૂળ હિંમતનગરના મહાવીરનગર વિસ્તારની પન્ના પાર્ક સોસાયટીના વતની ચંદ્રાવતિબેન છેલ્લા ૪ વર્ષથી રહેતા હતા. તેમના કુટુંબમાં કોઈ આગળ પાછળ નજીકના સગા ન હોવાથી તેઓ આ વૃધ્ધાશ્રમમાં રહેતા હતા. તેમણે તેમનું પોતાનું દેહદાન કરવાની અંતિમ ઈચ્છા દર્શાવી હતી. તા. ૨૫મી જુલાઈના રોજ તેમની તબિયત બગડી હતી અને બાદમાં તેમનું દુઃખદ અવસાન થયું હતું. આથી તેમની ઈચ્છા મુજબ વૃધ્ધાશ્રમના ટ્રસ્ટી રેખાબેને પ્રાંતિજ ખાતે કાર્યરત જાયન્ટસ ગૃપનો સંપર્ક કરી ડૉ. એન.કે.ડેરિયા, મિતેશભાઈ શાહ, વ્રજેશભાઈ ભાવસાર તથા અન્ય સભ્યોની સહાયથી આ કાર્યને પાર પાડવામાં આવ્યું હતું. જાયન્ટસ ગૃપ દ્વારા ચક્ષુદાનથી મેળવાયેલા ચક્ષુ અમદાવાદ રેડ ક્રોસ ખાતે મોકલી આપવામાં આવ્યા હતા જયારે દેહદાન દ્વારા મેળવાયેલ દેહને ગાંધીનગરની સિવીલ હોસ્પિટલ ખાતે સોંપવામાં આવ્યો હતો.

હાલના સંજોગોમાં લોકોમાં દેહદાન અને ચક્ષુદાન અંગે જાગૃતિમાં ફેલાવો થવાથી તેની સંખ્યા વધતી જાય છે ત્યારે સરકાર દ્વારા આ માટે ખાસ એમ્બ્યુલન્સ સેવા કે અન્ય વ્યવસ્થા ગોઠવાય તે જરુરી બન્યું છે. આ પ્રકારની પ્રેરણાત્મક પ્રવૃત્તિને વેગ મળે તે માટે સ્વૈચ્છિક સંસ્થાઓ મદદરૂપ થઈ રહી છે ત્યારે સરકારે પણ આ બાબતે વિચારવું જોઈએ તેવું લોકો માની રહ્યા છે. અત્યારે તો આ દેહદાન દ્વારા તીથાગન વિસામાના વૃધ્ધોને સહારો આપવાની અને ઉમદા પ્રવૃત્તિમાં જોતરવાની પ્રવૃત્તિને ચોમેરથી પ્રસંશા પ્રાપ્ત થઈ રહી છે.

## પાલનપુરના ગઢ ગામે વિધવા સહાય શિષ્યવૃત્તિ અપાઈ

પાલનપુર તાલુકાના ગઢ ગામે શ્રીમતી મંગુબેન મણિલાલ ત્રિભોવનદાસ શાહ તરફથી ગઢના સરપંચ ખોડીદાસ એ. પટેલ દ્વારા ગઢ ગામમાં રહેતા તમામ જ્ઞાતિના વિધવા બહેનોના બાળકો ગઢમાં પ્રાયમરીથી કોલેજ સુધીના કોઈ પણ સ્કુલમાં અભ્યાસ કરતા હોય તેમની વાર્ષિક શૈક્ષણિક ફી 'સરપંચ સ્કીમ' દ્વારા ચાલુ વર્ષ દરમિયાન ૨૪ બાળકોએ લાભ લીધેલ રૂ. ૩૮૭૫૦ ફી દાતા દ્વારા ચુકવવામાં આવેલ. આ યોજના છેલ્લા પાંચ વર્ષથી કાર્યરત છે. સહયોગી તરીકે શ્રી વિવેકાનંદ વિકાસ વર્તુળ ગઢના પ્રમુખ-મંત્રી તેમજ શિક્ષક મનોજભાઈ બી. પટેલ દ્વારા આ કાર્ય કરવામાં આવે છે.

## બી.પી. કોલેજમાં સેમેસ્ટર-૧ના વિદ્યાર્થીઓને આવકારવામાં આવ્યા

ગાંધીનગર, તા.૨૬

સેકટર-૨૩ સ્થિત બી.પી. કોલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન દ્વારા સમેસ્ટર-૧ના વિદ્યાર્થીઓનો સ્વાગત સમારોહ યોજવામાં આવ્યો હતો.

કડી વિશ્વ વિદ્યાલય સંચાલિત વી.પી. કોલેજ ઓફ બિઝનેશ એડમિનીસ્ટ્રેશન દ્વારા નાથીબા ઓડિટોરીયમ હોલમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ કરતા સેમેસ્ટર-૧ના વિદ્યાર્થીઓનો સ્વાગત સમારોહ યોજવામાં આવ્યો હતો. નવા વર્ષના વિદ્યાર્થીઓને સેમેસ્ટર-૩ અને ૫ના વિદ્યાર્થીઓએ સ્વાગત કર્યું હતું.

સ્વાગત સમારોહમાં વિદ્યાર્થીઓને ટાઈમ મેનેજમેન્ટ, ઈવેન્ટ મેનેજમેન્ટ, હોસ્પિટલાદી મેનેજમેન્ટ, સોફટ સ્કીલ ડેવલપમેન્ટ અને લાઈવ પ્રોજેકશન જેવા વિષયો પર માહિતી આપવામાં આવી હતી. ત્યાર બાદ વિદ્યાર્થીઓ દ્વારા સિંગીગ, ડાન્સીંગ, એકટીંગ અને એન્કરીંગ કરવામાં આવ્યું હતું. અલગ અલગ કૃતિ રજુ કરેલ પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને ઈનામથી નવાજવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન, પ્રો. નીરવ જોષીએ કર્યું હતું. વિદ્યાર્થીઓ, વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

## જનસંપર્કના કાર્યાલયોને મુખ્યપ્રધાન ખુલ્લા મુકશે

ભાજપ શહેરના મીડાયાસેલની એક અખબારી યાદીમાં જણાવ્યાનુસાર અમદાવાદ પૂર્વ લોકસભા બેઠકના સાંસદ પરેશ રાવલ તથા અમદાવાદ પશ્ચિમ લોકસભા બેઠકના સાંસદ ડો. કિરીટ સોલંકીના કાર્યાલયોનું તા. ૨૮મી જુલાઈ, સોમવારે સવારે ૯:૦૦ વાગ્યે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ખાનપુર ભાજપ કાર્યાલય ખાતે ઉદઘાટન કરશે. પ્રજાજનોને તેમના સંસદીય ક્ષેત્રના પ્રશ્નોની રજુઆત માટે વધુ સુગમતા પુરી પાડવાના શુભ આશય સાથે, અમદાવાદ શહેરના બંને સાંસદોના કાર્યાલયોનો ખાનપુર, ભાજપ શહેર કાર્યાલય ખાતે પ્રારંભ કરવામાં આવી રહ્યો છે.

## વડોદરામાં જળબંબાકાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. વડોદરામાં પુરના સંકટના ધ્યાનમાં રાખી ફાયરબ્રિગેડના જવાનોને સ્ટેન્ડ ટુના આદેશ અપાયા છે. જો કોઈ સ્થળે વધુ પાણી ભરાય તો લોકોને તુરંત બહાર કાઢવા માટે ફાયરબ્રિગેડની ટીમો બોટ સાથે પણ તૈયાર રાખવામાં આવી છે. ફાયરબ્રિગેડે કુલ ૧૮ બોટ સાથેનો કાફલો તૈયાર રાખ્યો છે તથા ફાયરબ્રિગેડના ૭૫થી વધુ જવાનોને તૈનાત કરવામાં આવ્યો છે. નિચાણવાળા વિસ્તારોમાંથી રેસ્ક્યુ કરી લોકોને શાળાઓમાં આશ્રય આપવામાં આવ્યો છે તથા તેમને જમવા અને પાણી સહિતની જરૂરીયાતની વસ્તુઓ પુરી પાડવામાં આવી છે. ભારે વરસાદના કારણે શહેરના નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં એક હજાર અસરગ્રસ્તોનું સ્થળાંતર કરવાની કામગીરી મોડી રાત્રે શરૂ કરવામાં આવી હતી. આજવાની સપાટી ૨૧૨ ફુટ વટાવી જતાં તેમાંથી પાણી છોડવામાં આવ્યું હતું. આજવામાંથી છોડેલા પાણી વિશ્વામિત્રીમાં ઠલવાય છે અને શહેરમાં પણ ભારે વરસાદ ચાલુ રહ્યો હતો. ત્રણ કલાકમાં પાંચ ઈંચ વરસાદ પડતા શહેરના નિચાણવાળા વિસ્તારો જળબંબાકાર થઈ ગયા હતા. વિશ્વામિત્રી નદીની સપાટી રાત્રે ૧૨ વાગ્યે ૨૧ ફુટ વટાવી ગઈ હતી અને તેની સાથે જ પરશુરામ ભઠ્ઠા, કાસમહાલા કબ્રસ્તાન, સમા સંજયનગર, નિઝામપુરા, પેન્શનપુરા, જલારામ નગરમાં પુરના પાણી ઘુસવાનું શરૂ થયું હતું. આ પાણી ઘુસતા જ આ વિસ્તારના એક હજાર રહીશોને સાલમત સ્થળે ખસેડવાની કામગીરી મોડી રાતથી જ સેવાસદને શરૂ કરાવી હતી. આ એક હજાર લોકોને નજીકની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની સ્કુલમાં ખસેડવા માટે તકેદારી લેવામાં આવી હતી અને તેમના માટે ભોજન અને સુવા માટેની વ્યવસ્થા કરવામાં આવી હતી. દરમિયાન વિશ્વામિત્રી તથા મીની નદીમાં પુરને પગલે વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના કુનપડ તથા પીલોલ ગામ બેટમાં ફેરવાઈ જતાં સંપર્ક વિહોણા બન્યા છે.

## માંડવીમાં સાત ઈંચ વરસાદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આગમન થયું હતું. માંડવી તાલુકાના ગોધરા ગામે સવારમાં એકથી બે ઈંચ જેટલો વરસાદ થતાં ખેડૂતો અને ગ્રામજનોમાં આનંદની લાગણી અનુભવી હતી. માંડવી તાલુકાના ગોધરા ગામે રાત્રી દરમિયાન ઝરમર વરસાદ પડ્યા બાદ સવારે ચાર વાગ્યાથી વરસાદની સારી એવી ઈનિંગ શરૂ થતાં નવ વાગ્યા સુધી રસ્તાઓ, કેનાલોમાંથી પણી વહી નીકળ્યા હતા. ગોધરા-લાયજા રસ્તા પર તેમજ ખેતરો અને વાડીઓમાં પાણી ભરાતા ખેડૂતોમાં ખુશી છવાઈ હતી. ઘણા વર્ષો બાદ કચ્છમાં એક સાથે સાત ઈંચ જેટલો વરસાદ પડતા લોકોએ મોસમના બદલાતા મિજાજને સહર્ષ આવકાર્યો હતો.

ટચૂકડી જાહેર ખબર

**ભાડેથી આપવાનું છે**

2 BHK ફ્લેટ ૬૦૦૦/- રૂ. ભાડેથી આપવાનો છે. સ્વામીનારાયણ પ્રેસીડેન્સીમાં
મો. : ૯૦૩૩૨૦૮૧૬૯

**ભાડેથી જોઈએ છે**

2 BHK ફ્લેટ કુડાસણમાં, સરગાસણમાં ભાડે જોઈએ છે
મો. : ૯૦૩૩૨૦૮૧૬૯

### ખેતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, કૃષિ ભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર

**ઝેરોક્ષ તેમજ સ્પાઈરલ બાઈન્ડીંગની કામગીરીના ભાવ કરાર બાબત**

ખેતી નિયામકશ્રી, ગુ.રા. ગાંધીનગરની કચેરીની ઝેરોક્ષની કામગીરી માટે કચેરી ખાતે ઝેરોક્ષ મશીન મુકીને ગાંધીનગરની સ્થાનિક ઝેરોક્ષ કામગીરી કરતી પાર્ટીઓ પાસેથી વાર્ષિક ધોરણે પ્રતિ કોપીના દરથી કોપીવાઈઝ ઝેરોક્ષ માટે ટેન્ડર મંગાવવામાં આવે છે. રસ ધરાવતી પાર્ટીઓએ રૂ. ૫૦૦/- (નોન રીફંડેબલ) ટેન્ડર ફી ઉપરોક્ત કચેરીની નાણાં શાખામાં રોકડા ભર્યેથી તા. ૧૮/૮/૧૪, સમય ૧૧.૦૦ થી ૧૮.૦૦ કલાક દરમિયાન ટેન્ડર ફોર્મ મળી શકશે. ટેન્ડર ફોર્મ પરત સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૯/૮/૨૦૧૪ રહેશે. ટેન્ડર ફોર્મના કવર ઉપર 'ઝેરોક્ષ તેમજ સ્પાઈરલની કામગીરીના ભાવ કરાર માટેનું ટેન્ડર' એમ અવશ્ય લખવાનું રહેશે.

સહી/-
ખેતી નિયામક, ગુ.રા.,
કૃષિ ભવન, ગાંધીનગર.

માહિતી/૮૩૦/૧૪-૧૫